# વન્યજીવો કેમ કિસાનોના દુશ્મન બની ગયા છે?

ભારતના ઘણા ભાગોમાં જંગલી પ્રાણીઓના કારણે ખેતી ખોટનો વ્યવસાય બની રહી છે. હવે ભારતના કેટલાક ભાગોમાં મનુષ્યો અને પશુઓ વચ્ચે એક યુદ્ધ ફાટી નીકળ્યું છે જેમાં વાઘ, હાથી અને ચિત્તા જેવાં મોટાં સસ્તન પ્રાણીઓ જ નહીં, પણ જંગલી ડુક્કર, નીલગાય ઉપરાંત અન્ય ખરીવાળા પ્રાણીઓ અને વાંદરાઓ પણ સામેલ છે. આપણે જાણીએ છીએ કે માનવજાતના વિકાસની પ્રવૃત્તિઓ જંગલી પ્રાણીઓના રહેઠાણોનો નાશ કરી રહી છે અને શિકારની શોધમાં તેમને જંગલોમાંથી બહાર કાઢી રહી છે. અમદાવાદ જેવાં શહેરોમાં વાંદરાઓનો આતંક વધી ગયો છે તો બનાસકાંઠાના ખેડૂતો નીલગાયના ત્રાસને કારણે તેમનો શિકાર કરવા માટે બંદૂકનાં હતી. ત્યારબાદ કમોસમી વરસાદ અને ઓછા ભાવ હતા. એક તૃતીયાંશ લોકોએ કહ્યું હતું કે તે તેમના નુકસાનનું મુખ્ય કારણ પ્રાણીઓનું આક્રમણ હતું.

કર્ણાટકના કોડગુ જિલ્લામાં ૨૦૨૫માં થયેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સર્વેક્ષણ કરાયેલા લગભગ ૫૦ ટકા ખેડૂતોને દર વર્ષે ૯૦,૦૦૦ રૂપિયાનું નુકસાન થયું હતું, જેના કારણે ઘણા ખેડૂતો દેવામાં ડૂબી ગયા હતા. હિમાચલ પ્રદેશ વન વિભાગનો અંદાજ છે કે વાર્ષિક પાકનું નુકસાન કુલ રૂ. ૫૦૦ કરોડ થાય છે અને જો વાડ અને અન્ય સુરક્ષા પગલાંના પરોક્ષ ખર્ચને સામેલ કરવામાં આવે તો તે ઓછામાં ઓછા રૂ. ૧,૫૦૦ કરોડ થશે. તમિલનાડુના પશ્ચિમ ઘાટમાં ૨૦૨૬માં થયેલા એક અભ્યાસ દ્વારા પણ આ વાતની પુષ્ટિ થાય છે, જે મુજબ મહિનાની આવક ગુમાવે છે. હાથી સાથેનો એક મુકાબલો ખેડૂતને ૨૦ ટકા કે તેથી વધુ ખર્ચ કરાવી શકે છે.

ઝારખંડમાં છેલ્લાં પાંચ વર્ષમાં દર વર્ષે હાથીઓ દ્વારા પાકને નુકસાનના સરેરાશ ૯,૨૪૫ અને અનાજને નુકસાનના ૧,૧૪૬ કેસ નોંધાયા છે. સેંકડો ઘટનાઓ નોંધાઈ નથી.બીજી તરફ આ વર્ષના છેલ્લા સાડા ચાર મહિનામાં રાજ્યના વિવિધ ભાગોમાં હાથીઓએ ઓછામાં ઓછા ૬૦ લોકોના જીવ લીધા છે.

પલામુ વિભાગના ઉત્તરીય પ્રદેશો પલામુ અને ગઢવામાં નીલગાય ખેડૂતો માટે ખતરો બની ગઈ છે. આ પ્રદેશમાં કિસાનો જે મકાઈ, કઠોળ, તેલીબિયાં અને રવિ પાકોનું ઉચ્ચ ઉત્પાદન કરે છે, ત્યાં નીલગાય મોટી સંખ્યામાં ખેડૂતોના પાકનો નાશ કરી રહી







લાઈસન્સ માંગી રહ્યા છે. ગીરના જંગલમાં સિંહોની વધી રહેલી વસ્તી નેસડામાં રહેતા માલધારીઓ માટે સમસ્યારૂપ બની રહી છે તો કેરળના હાથીઓ જંગલમાંથી બહાર આવીને પાકનો વિનાશ વેરી રહ્યા છે. મનુષ્યો અને પ્રાણીઓ વચ્ચેનો આ સંઘર્ષ સફળ વન્યજીવન સંરક્ષણનું પરિણામ છે, જેના કારણે વન્યજીવોની વસ્તીમાં વધારો થયો છે, પરંતુ તેને કારણે ખેડૂતોની આજીવિકા જોખમમાં મૂકાઈ જવાનો ભય પેદા થયો છે.

પૂણે સ્થિત ગોખલે ઈન્સ્ટિટ્યૂટ ઓફ પોલિટિક્સ એન્ડ ઈકોનોમિક્સ દ્વારા ૨૦૨૫નો અહેવાલ 'માનવ-વન્યજીવન સંઘર્ષઃ મહારાષ્ટ્રમાં ચોખ્ખા કૃષિ નુકસાનનો અંદાજ' આ પ્રકારનો એક માત્ર અભ્યાસ છે. તેનાં તારણો દર્શાવે છે કે રાજ્યમાં વન્યપ્રાણીઓના કારણે ચોખ્ખા કૃષિ નુકસાનનો અંદાજ વાર્ષિક ૧૦,૦૦૦-૪૦,૦૦૦ કરોડ રૂપિયા છે. અહેવાલમાં એવું પણ સૂચવવામાં આવ્યું છે કે વાસ્તવિક આંકડા ઘણા વધારે છે. અભ્યાસમાં ચિંતાજનક તારણો બહાર આવ્યાં છે કે ૬૨ ટકા ખેડૂતોએ પ્રાણીઓના હુમલાને કારણે તેમનો વાવણી વિસ્તાર ઘટાડી દીધો હતો. ખેડૂતોએ જંગલી પ્રાણીઓ દ્વારા પાકને થયેલા નુકસાનને મુખ્ય સમસ્યા ગણાવી

**કર્ણાટકના કોડગુ જિલ્લામાં ૨૦૨૫માં થયેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ૫૦ ટકા ખેડૂતોને દર વર્ષે ૯૦,૦૦૦ રૂપિયાનું નુકસાન થયું હતું, જેના કારણે ખેડૂતો દેવામાં ડૂબી ગયા હતા**

૯૦ ટકા ખેડૂતોએ વન્યજીવન સંઘર્ષને તેમના પ્રાથમિક ઉત્પાદન જોખમ તરીકે ઓળખાવ્યો હતો, જેમાં ૫૦-૬૦ ટકા પાકને મુખ્યત્વે જંગલી ડુક્કર, મોર અને હાથીઓ દ્વારા નુકસાન થયું હતું. કેનેડામાં બ્રિટિશ




સંજય વોરા

કોલંબિયા યુનિવર્સિટી અને ભારતના વાઈલ્ડ લાઈફ રિસર્ચ સેન્ટર દ્વારા ૨૦૨૧માં કરવામાં આવેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે કર્ણાટકના ખેડૂતો દર વર્ષે જંગલી પ્રાણીઓના હુમલાને કારણે એકથી ત્રણ છે. આમાંના મોટાભાગના ભોગ બનેલા લોકો આદિવાસી, નાના ખેડૂતો અને મજૂરો છે. ભારત સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય હેઠળના વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા અને પ્રોજેક્ટ એલિફન્ટ મુજબ ૨૦૦૦ થી ૨૦૨૩ ની વચ્ચે હાથીઓના હુમલામાં ૧,૩૪૦ લોકો મૃત્યુ પામ્યા હતા અને ૪૦૦ લોકો ઘાયલ થયા હતા.રાજ્ય સરકારના વન વિભાગના ડેટા અનુસાર છેલ્લાં ચાર વર્ષમાં (૨૦૨૧-૨૦૨૫ માર્ચ) હાથીઓએ ૩૯૭ લોકોને મારી નાખ્યા છે.

જૂન-જુલાઈ ૨૦૨૬ ના ખરીફ પાકથી શરૂ કરીને સરકારે પશુ નુકસાનનો સમાવેશ તેની રાષ્ટ્રીય પાક વીમા યોજના (પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના) માં કર્યો છે. ખેડૂતોને નુકસાનની જાણ કરવા માટે ૭૨ કલાકનો સમય આપવામાં આવ્યો છે. વધુમાં રાજ્ય સરકારો ખેડૂતોને વળતર આપે છે. જોકે, જંગલી પ્રાણીઓના હુમલાથી પ્રભાવિત ૨૫ ટકા ખેડૂતોએ વળતર માંગ્યું હોવા છતાં, ફક્ત ૧-૨ ટકા લોકોને નુકસાનના પ્રમાણમાં ચુકવણી મળી હતી.

મોટાભાગના લોકોને કાં તો આ યોજના વિશે ખબર નહોતી અથવા તેની જટિલ અમલદારશાહી પ્રક્રિયાઓમાં વળતર મેળવી શક્યા નહીં.



# અંધા યુગઃ કુરુક્ષેત્રથી આધુનિક યુગનો અરીસો

મહાભારતનું નામ પડે, ત્યારે આપણા મગજમાં અર્જુનનું ગાંડીવ, કૃષ્ણનો શંખનાદ, ભીમની ગદા અને ધર્મની જીતના ભવ્ય દૃશ્યો તરવરી ઉઠે, પણ શું તમે ક્યારેય વિચાર્યું છે કે જ્યારે 18 દિવસનું એ મહાયુદ્ધ પૂરું થયું, ત્યારે કુરુક્ષેત્રની એ લોહીયાળ ધરતી પર કેવી શાંતિ પથરાઈ હશે? વિજેતા પાંડવોના ચહેરા પર જીતનો આનંદ હતો કે એક અજીબ ખાલીપો? અને પરાજિત કૌરવોના પક્ષે શું માત્ર આક્રોશ હતો કે પછી નૈતિકતાનો સાવ કરુણ અંત?

1953માં મહાન લેખક અને કવિ ધર્મવીર ભારતીએ આ સવાલોના જવાબ શોધવા માટે એક એવું નાટક લખ્યું જેણે ભારતીય રંગભૂમિનો ઈતિહાસ કાયમ માટે બદલી નાખ્યો - 'અંધા યુગ'.



કર્ટનકોલ

સામાન્ય રીતે નાટકો કે ફિલ્મો સુખદ કે દુખદ અંત તરફ આગળ વધે છે, પણ 'અંધા યુગ'ની શરૂઆત જ મહાભારતના યુદ્ધના 18મા દિવસની સાંજથી થાય છે. યુદ્ધ પૂરું થઈ ચૂક્યું છે. ચારેય તરફ ગીધ પક્ષીઓ ઉડી રહ્યા છે, લોહીની નદીઓ સુકાઈ રહી છે અને હસ્તિનાપુરના મહેલમાં માત્ર બે જ વૃદ્ધ લોકો બચ્યા છે - અંધ રાજા ધૃતરાષ્ટ્ર અને ગાંધારી.

નાટક ખૂબ જ સુંદર રીતે એવા પાત્રો પર ફોકસ કરે છે જેમને આપણે



મુખ્ય વાર્તામાં કદાચ એટલું મહત્ત્વ નથી આપતાઃ

અશ્વત્થામાઃ જે અડધો માણસ અને અડધો પશુ બની ચૂક્યો છે. અંદરની નફરત અને બદલાની આગ તેને એટલી હદે આંધળો કરી દે છે કે તે પાંડવોના વંશનો નાશ કરવા બ્રહ્માસ્ત્ર છોડી દે છે.

યુયુત્સુઃ ધૃતરાષ્ટ્રનો એ પુત્ર જેણે ધર્મનો સાથ આપવા માટે પોતાના જ ભાઈઓ સામે યુદ્ધ લડ્યું. પણ યુદ્ધ પછી તેને પાંડવો તરફથી પણ માત્ર મહેણાં અને ધિક્કાર મળે છે.

સંજયઃ જેને દિવ્યદૃષ્ટિ મળી હતી, પણ હવે યુદ્ધ પૂરું થતાં એ દૃષ્ટિ પણ જતી રહી છે. તે સત્ય જોઈ શકે છે, પણ કોઈને બચાવી શકતો નથી.

નાટકમાં ભગવાન શ્રીકૃષ્ણ પણ એક પાત્ર છે, પણ તે ક્યારેય સ્ટેજ પર પ્રત્યક્ષ આવતા નથી. તેમની માત્ર હાજરી, તેમનો પ્રભાવ અને અંતમાં ગાંધારી દ્વારા તેમને મળતો શ્રાપ આખા નાટકને એક અલગ જ આધ્યાત્મિક અને દાર્શનિક ઊંચાઈ પર લઈ જાય છે.

ધર્મવીર ભારતીએ આ નાટક દ્વારા એક બહુ મોટો કટાક્ષ કર્યો છે. આ નાટકમાં માત્ર ધૃતરાષ્ટ્ર જ આંધળો નથી. અશ્વત્થામા પોતાના બદલામાં આંધળો છે, યુધિષ્ઠિર પોતાના અર્ધસત્ય (અશ્વત્થામા હતો હતો, નરો વા કુંજરો વા) માં આંધળા છે અને ગાંધારી પોતાના પુત્ર મોહમાં આંધળી છે.

લેખક આપણને સમજાવે છે કે જ્યારે સમાજમાંથી વિવેક, નૈતિકતા અને કરુણા નાશ પામે છે, ત્યારે આખેઆખો યુગ જ 'આંધળો' બની જાય છે. આ નાટક ભલે મહાભારતના કાળનું હોય, પણ તે આજના આધુનિક યુગના માણસની સ્વાર્થવૃત્તિ પર સચોટ પ્રહાર કરે છે. આજે પણ માણસ સત્તા અને પૈસા માટે પોતાના જ ભાઈઓ સાથે યુદ્ધ લડી રહ્યો છે.

'અંધા યુગ' પુસ્તકના પાનાઓમાંથી બહાર નીકળીને સ્ટેજ પર જીવંત થયું તેની પાછળ ઈન્ડિયન થિયેટરના પિતામહ ગણાતા ઈબ્રાહિમ અલ્કાઝીનો બહુ મોટો હાથ હતો. 1960ના દાયકામાં તેમણે આ નાટકને બંધ થિયેટરમાંથી બહાર કાઢીને દિલ્હીના ઐતિહાસિક 'પુરાના કિલ્લા'ના ખંડેરો વચ્ચે ભજવવાનું શરૂ કર્યું.

**લેખક આપણને સમજાવે છે કે જ્યારે સમાજમાંથી વિવેક, નૈતિક્તા અને કરુણા નાશ પામે છે, ત્યારે આખેઆખો યુગ જ 'આંધળો' બની જાય છે**

વિચારો, રાતનો સમય હોય, મશાલો સળગતી હોય, કિલ્લાના વિશાળ પથ્થરો બેકગ્રાઉન્ડમાં હોય અને ત્યાં અશ્વત્થામા ચીસ પાડીને પોતાનો ક્રોધ વ્યક્ત કરતો હોય! આ દૃશ્ય એટલું ભવ્ય અને રોમાંચક બની જતું કે તે સમયે ભારતના વડાપ્રધાન જવાહરલાલ નહેરુ પણ આ નાટક જોવા ખાસ કિલ્લે પહોંચતા હતા. આ પ્રયોગે ભારતીય રંગભૂમિને એક નવી જ દિશા આપી.

આજે પણ, દિલ્હીની નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા કે મુંબઈ-પૃથ્વી થિયેટરના કલાકારો જ્યારે પણ આ નાટક ભજવે છે, ત્યારે ટિકિટો મિનિટોમાં વેચાઈ જાય છે. તેનું કારણ એ છે કે આ નાટકના ડાયલોગ્સ આજે પણ આપણી આસપાસની દુનિયા સાથે કનેક્ટ થાય છે.

નાટકનો એક પ્રખ્યાત ડાયલોગ છે કે, યુદ્ધમાં કોઈ જીતતું નથી, જીતેલો માણસ પણ ઘણું બધું હારીને પાછો ફરે છે.

આ પંક્તિ રશિયા-યુક્રેન યુદ્ધ હોય કે દુનિયાના કોઈપણ ખૂણે ચાલતો ક્લેશ હોય, દરેક જગ્યાએ ફિટ બેસે છે. થિયેટર શીખતા દરેક નવા કલાકાર માટે 'અંધા યુગ'માં કામ કરવું એ એક સપનું હોય છે.

## શબ્દ સાપ્તાહિકી

\- અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. હિંમતથી (૪)
૪. હેત, લાગણી (૩)
૬. એક છંદ (૩)
૮. દુઃખ, પીડા (૨)
૯. વગાડવું તે (૩)
૧૦. આંખ (૩)
૧૨. અંકુશ (૩)
૧૩. સરખી સપાટીનું (૪)
૧૫. પાણી, જળ (૨)
૧૬. શ્વાસ (૨)
૧૭. ઉછાળો, જુસ્સો (૨)
૧૮. રાજા (૨)
૧૯. અરુચિ, અપ્રીતિ (૩)
૨૧. હશે, છો ને (૨)
૨૨. તાત્પર્ય, હેતુ (૪)
૨૪. પરાજય (૨)
૨૫. દેવ-દેવીએ આપેલું વચન (૪)
૨૮. પૃથ્વી (૨)
૨૯. શોધ, ભાળ (૨)
૩૦. કુસ્તીબાજ (૨)
૩૧. જંગલનું (૨)
૩૨. વરદાન દેનાર, કૃપાળુ (૩)
૩૪. રૂપાનું (૩)
૩૬. નવ લાખના મૂલ્યનું (૪)
૩૮. તપાસ (૩)
૪૦. બુદ્ધિ (૨)
૪૧. છેડો, નિવેડો (૨)
૪૩. રંગ, વર્ણ (૨)
૪૪. ખલાસ, સમાપ્ત (૩)
૪૬. ગમે તેમ પીડીને વશ કરવાની નીતિ (૫)
૪૭. ચર્ચા, ઊહાપોહ (૪)
૫૧. પારકું (૨)
૫૨. વીતી ચૂકેલું (૨)
૫૩. નમેલું (૨)
૫૪. જંગલનું (૨)
૫૫. મુખ, ચહેરો (૩)
૫૮. હેતુ, મુરાદ (૪)
૬૦. સદ્વર્તન (૨)
૬૧. ઉપાધિ (૨)
૬૨. આધાર (૩)
૬૩. નકામું (૨)
૬૪. ઘોડો (૨)
૬૫. રેતીનું મેદાન (૨)
૬૬. અધિકાર (૨)
૬૭. છબી (૪)
૬૯. રમતમાં આવતો વારો (૨)
૭૦. યુક્તિ (૨)
૭૧. આદમી (૨)
૭૨. મોટું (૩)
૭૩. દોલત (૨)
૭૪. હિંમત (૨)
૭૫. કલ્યાણ (૨)

**ઊભી ચાવી**

૨. જમીન ખોદવાનું ઓજાર (૩)
૩. ઘોડા-બળદની એક પ્રકારની ચાલ (૩)
૪. મનન કરવા જેવું (૪)
૫. ધૂન, મસ્તી (૨)
૬. આદર (૨)
૭. નીલ રંગનું રત્ન (૩)
૮. ઓછી શક્તિવાળું, દુર્બળ (૪)
૧૦. અનાથ બાળક (૩)
૧૩. સોગન (૨)
૧૪. ઝટ, એકદમ (૩)
૧૬. જાડો રસ, કાંજી (૨)
૧૯. વેરો (૨)
૨૦. નવલું, નવાઈભર્યું (૩)
૨૧. દિલ (૨)
૨૨. દહીં (૨)
૨૩. મોજું, તરંગ (૩)
૨૪. પ્રત્યક્ષ, મોજૂદ (૩)
૨૬. રાક્ષસ, અસુર (૩)
૨૭. બીજું (૨)
૨૮. પવન (૩)
૩૦. અભિપ્રાય (૨)
૩૧. વિષ, ઝેર (૨)
૩૨. તાબે, આધીન (૨)
૩૩. પીડવું કે દબાવવું (૩)
૩૫. વિશ્વ (૩)
૩૬. રોકડું (૩)
૩૭. લગ્ન, લગની (૩)
૩૭. યોગ્યતા (૩)
૪૨. જૈન સાધુ (૨)
૪૩. ઢીલ, વિલંબ (૨)
૪૪. ગધેડો (૨)
૪૫. રાજી (૩)
૪૭. સહાય (૩)
૪૮. આસમાની (૨)
૪૯. પંખીનું અનાજ (૨)
૫૦. ચતુર, હોશિયાર (૩)
૫૧. આબરૂ, વિશ્વાસ (૨)
૫૩. મોટી નદી (૨)
૫૪. ઉંમર (૨)
૫૫. કૃષ્ણ પક્ષનું (૨)
૫૬. મીઠું (૩)
૫૭. પારકા પૈસા (૪)
૫૮. કેફ, ખુમારી (૨)
૫૯. સારું, સુંદર (૩)
૬૦. રાજનીતિ (૨)
૬૧. પ્રતિજ્ઞા (૨)
૬૩. કૃપા, દયા (૩)
૬૪. પ્રત્યેક, દરેક (૨)
૬૫. અવાજ, ધ્વનિ (૨)
૬૬. જમીન ખેડવાનું ઓજાર (૨)
૬૭. શરીર (૨)
૬૮. વિદ્યુત (૨)
૬૯. દાન આપનાર (૨)
૭૦. ઓછું (૨)
૭૧. ... લખવાનું કે (૨)

## શબ્દ સાપ્તાહિકી ઉકેલ



## કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન
↓ ઊભી લાઇન

## કાકુરો- નો ઉકેલ

